# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે: પ્રાઈઝ બેન્ડ ૨૦૭ થી ૨૧૦




અમદાવાદ, એપ્રિલ ૨૫, ૨૦૧૬: ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસસી લિમિટેડ ("યુએફએસ" અથવા "કંપની") નોન બેકિંગ ફાઈનાન્શિયલ કંપની - માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂશન ("એનબીએફસી-એમએફઆઈ") છે, જેણે ૨૦૦૫માં નોન બેકિંગ ફાઈનાન્શિયલ કંપની ("એનબીએફસી") તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૬૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ '૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ '૨૦૭થી '૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ, ૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ '૩,૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યૂ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૯૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈશ્યૂ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ '૨,૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૯,૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં '૬,૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી પોર્શન")ને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આધારે એન્કર રોકાણકારોને એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર ક્યુઆઈબી પોર્શનને ૬૦ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન"). એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો ઓછામાં ઓછો ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર કે તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધિન છે. એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો હિસ્સો ઓછા ભરાવવાના કે બિન-ફાળવણીના કેસમાં બાકીના ઈક્વિટી શેર ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે. ૫ ટકા ચોખ્ખો ક્યુઆઈબી પોર્શન પ્રમાણસર આધારે મ્યુચ્યુઅલ ફંડને જ ફાળવવામાં આવશે અને ચોખ્ખા ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો પ્રમાણસર આધારે તમામ ક્યુઆઈબી બિડર્સ (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય)ને ફાળવવા માટે ઉપલબ્ધ થશે, જેમાં મ્યુચ્યુઅલ ફંડ સામેલ છે અને તે ઓફર પ્રાઈઝ પર કે તેનાથી વધારે કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડને આધિન છે.

ઉપરાંત સેબી આઈસીડીઆર નિયમોને અનુરૂપ ઓફરનો ૧૫ ટકાથી ઓછો હિસ્સો પ્રમાણસર આધારે બિનસંસ્થાગત બિડર્સને અને ઓફરનો ૩૫ ટકાથી ઓછો હિસ્સો રિટેલ વ્યક્તિગત બિડર્સને ફાળવવામાં આવશે, જે ઓફર કિંમતે કે તેનાથી વધારે કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડને આધિન છે. તમામ સંભવિત બિડર્સ (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય) એપ્લિકેશન્સ સપોર્ટેડ બાય બ્લોક એમાઉન્ટ ("એએસબીએ") પ્રોસેસ મારફતે ઓફરમાં ફરજિયાત ભાગ લેશે.

ઓફરના બીઆરએલએમ કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે; જ્યારે કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ ઓફરના રજિસ્ટ્રાર છે.

કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.